**ELECTION**
**IMMEDIATE**

Phone : 079-23254609
079-23250456
Fax No. : 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

General Administration Department (Election Division)

Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

પરિપત્ર ક્રમાંકઃ ઈએલસી-૧૦૦૯-૧૨૨૮-છ                    તા.૨/૩/૨૦૦૯

વિષય :-લોકસભાની સામાન્ય ચૂંટણીઓ,૨૦૦૯. – મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવા અંગેની **આદર્શ આચાર સંહિતાના અમલ તેમજ અધિકારી/ કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ.**

**પરિપત્ર :-**

લોકસભાની સામાન્ય ચૂંટણીઓ યોજવાની ભારતના ચૂંટણી પંચે તા.૨/૩/૨૦૦૯ ના રોજ જાહેરાત કરી છે. આથી આ ચૂંટણીઓમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે આદર્શ આચારસંહિતા તા.૨/૩/૨૦૦૯ ના રોજથી અમલમાં આવે છે. સદરહુ આચારસંહીતાની કેટલીક બાબતોનો અમલ સત્તાધારી પક્ષે કરવાનો રહે છે. જે સરકારશ્રીના જુદા જુદા વિભાગો/ખાતાઓને સ્પર્શે છે . લોકસભાની સામાન્ય ચૂંટણીઓમાં આ અંગે નીચે મુજબની બાબતોનો ચુસ્તપણે અમલ થાય તે માટે જે તે વિભાગોને જણાવવામાં આવે છેઃ-

૧ મંત્રીશ્રીઓ અને બીજા સત્તાધિકારીઓ, સત્તાધારી પક્ષની તરફેણમાં મતદારો પર વગ વધારે તેવા હેતુસરઃ-

:કઃ કોઈપણ રુપમાં કોઈપણ જાતની નાણાંકીય ગ્રાન્ટ અથવા તેના વચનોની જાહેરાત કરશે નહીં,

અથવા

:ખઃ વિવેકાધીન ફંડમાંથી ચુકવણી મંજુર કરશે નહી.

:ગઃ (સરકારી કર્મચારી સિવાય ) કોઈ પણ જાતની પરિયોજના કે યોજનાની શિલારોપણ વિધી કરશે નહી, અથવા ઉદઘાટન/લોકાપર્ણ કરી શકાશે નહીં. અથવા,

:ઘઃ માર્ગો બાંધી આપવા, પીવાના પાણીની સગવડ કરી આપવા વગેરે અંગે કોઈ વચનો આપશે નહીં.

:ચ: સરકારી સેવાઓ અને જાહેર સાહસોમાં ચૂંટણી પંચ,નવી દિલ્હીની પૂર્વ અનુમતિ સિવાય કોઈપણ એડહોક/કાયમી નિમણૂંક આપશે નહી અગર બઢતી આપી શકાશે નહી.

૧(૧) આમ, નવી પરિયોજનાઓ અથવા કાર્યક્રમો અથવા છુટછાટો અથવા નાણાકીય અનુદાન અંગે કોઈપણ રૂપે અથવા તે અંગેના વચનની જાહેરાત, શિલાન્યાસ, વગેરે શાસકપક્ષની તરફેણમાં મતદારોને અસરકર્તા હોઈતેના પર પ્રતિબંધ છે.

૧(૨) આ પ્રતિબંધ નવી યોજનાઓ અને ચાલુ યોજનાઓને પણ સરખો જ લાગુ પડે છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે રાષ્ટ્રીય, પ્રાદેશિક અને રાજય માટે ઉપયોગી યોજનાઓ જે પૂર્ણતાને આરે હોય અને જેમનો ઉપયોગ અથવા કામગીરી લોકોના હિતમાં હોય તેમને અટકાવી દેવી અથવા વિલંબિત કરવી. આદર્શ આચારસંહિતાનો અમલ શરુ થતાં આવી યોજનાઓ શરુ નહી કરવા માટે અથવા નિષ્ક્રિય રાખી મુકવા માટે કોઈ ખોટુ કારણ આપી શકાશે નહિ. તેવી જ રીતે આવી યોજનાઓ રાજકીય પદાધિકારીઓ સાથે સંબંધ રાખ્યા વગર અથવા કોઈપણ પ્રકારની ધામધુમ કે સમારંભો વિના મુલકી અધિકારીઓ ધ્વારા જ શરુ થાય તે સુનિશ્ચિત કરવુઃ જેથી શાસકપક્ષની તરફેણમાં મતદારોને પ્રભાવિત કરવાના હેતુથી આવી શરુઆત કરવામાં આવી છે એવી છાપ ન થાય. જો તેમાં કોઈ શંકા જાય તો મુખ્ય ચુંટણી અધિકારી/ભારતીય નિર્વાચન આયોગ પાસેથી તે અંગે સ્પષ્ટતા મેળવવી.

૧(૩) વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે કોઈ ચોકકસ યોજના માટે અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવી હોય અથવા એ યોજનાને મંજુરી આપવામાં આવી હોય અથવા રાજયપાલશ્રીના ઉદબોધન અથવા મંત્રીશ્રીના અંદાજપત્ર પ્રવચનમાં એ અંગે ઉલ્લેખ કરવામાં આવ્યો હોય એટલા માત્રથી આવી યોજનાઓની જાહેરાત કરી શકાય અથવા શરૂ કરી શકાય અથવા ચૂંટણીની જાહેરાત પછી જયારે આદર્શ આચારસંહિતા અમલમાં હોય, ત્યારે તે હાથ ધરી શકાય એવો અર્થ થતો નથી કારણ કે તે સ્પષ્ટપણે મતદારોને પ્રભાવિત કરી શકે. જો આવુ કોઈ કાર્ય હાથ ધરવામાં આવે તો તેને આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણવામાં આવશે.

૧(૪) સરકારી યોજનાઓને નવી મંજૂરીઓ આપવી નહિ. રાજકીય સત્તાધિકારીઓ (મંત્રીઓ વગેરે) ધ્વારા સમીક્ષા અને લાભાર્થીલક્ષી યોજનાઓની કાર્યવાહી ચાલુ હોય તો પણ ચૂંટણી પૂરી થાય ત્યાં સુધી તે બંધ રાખવી. આયોગની પૂર્વ મંજૂરી વિના રાજયમાં ચૂંટણી ચાલુ હોય એવા કોઈપણ ભાગમાં કલ્યાણ યોજનાઓ માટે નવુ ફંડ છુટું કરવું નહી અને સોંપાયેલા કામો અંગે કામગીરી કે કોન્ટ્રાકટ કરવા નહિ. આમાં રાજયમાં કોઈ આવી યોજના અમલમાં હોય તો તેવી યોજનાનો તેમજ સંસદસભ્ય(રાજયસભાના સભ્ય સહિત) ના સ્થાનિક વિસ્તાર વિકાસ નિધિ અથવા ધારાસભ્ય વિધાન પરિષદના સ્થાનિક વિસ્તાર વિકાસ નિધિ હેઠળના કાર્યોનો સમાવેશ થાય છે.

૧(૫) આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થતાં પહેલાં કામગીરી શરૂ કરવાનો હુકમ આપી દીધો હોય તો પણ, જો તે ક્ષેત્રમાં કામ શરૂ થયું ન હોય તો, કોઈ કામ શરૂ કરવું નહિ. આવા કામો ચૂંટણીની કામગીરી પૂરી થયા પછી જ શરૂ કરી શકાશે. આમછતાં, જો કામ ખરેખર શરૂ કરવામાં આવ્યું હોય તો તે ચાલુ રાખી શકાશે.

૧(૬) સંબંધીત અધિકારીઓને સંપૂર્ણ ખાતરી થાય તો પૂરા થયેલા કામો માટે નાણાની ચુકવણી પર કોઈ પ્રતિબંધ રહેશે નહિ.

૧(૭) અનાવૃષ્ટિ, પૂર, મહામારી, અન્ય કુદરતી આફતોનો ભોગ બનેલા લોકોને રાહત પૂરી પાડવા જેવી અણધારી આફતોને હલ કરવા માટે અને વૃધ્ધો, અશકતો વગેરે માટે કલ્યાણકારી પગલાં હાથ ધરવા માટેની યોજનાને મંજૂરી આપવા અંગે આયોગ મનાઈ કરતું નથી. આમછતાં, આ બાબતોમાં આયોગની પૂર્વમંજુરી લેવી અને તમામ ભપકાદાર સમારંભો સંપૂર્ણ ટાળવા તેમજ એવી છાપ ઉભી ન થવા દેવી કે સરકાર ધ્વારા હાથ ધરવામાં આવેલ કલ્યાણકારી પગલાં અથવા રાહતો પુર્નવસવાટ કાર્યો શાસક પક્ષની તરફેણમાં મતદારને પ્રભાવિત કરે છે અને સાથે સાથે અન્ય પક્ષોના ભાવિને વિપરીત અસર કરે છે.

૨. કેન્દ્ર કે રાજય સરકારના મંત્રીશ્રીઓ તેમજ બોર્ડ /નિગમ/ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારીઓ ચૂંટણીઓ જાહેર થયાની તારીખથી ચૂંટણીઓ પૂરી થતાં સુધી કોઈપણ મત વિભાગની કચેરી કામ (Official work) અર્થે મુલાકાત લઈ શકશે નહી. અપવાદરુપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તૂટી પડે કે કુદરતી આપત્તિને લીધે કોઈ કટોકટી ઉપસ્થિત થાય માત્ર તેવા પ્રસંગોએ સંબંધીત ખાતાના મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી પરિસ્થિતિ ઉપર નિયંત્રણ રાખવા કે રાહત કાર્યો ઉપર દેખરેખ રાખવા પ્રવાસ કરે તો તે આચારસંહીતાનો ભંગ ગણાશે નહી.

૨.૧ કેન્દ્રના મંત્રીશ્રી, તેમના મુળ મથકની કચેરી કામ અર્થે રાજય/જિલ્લાની મુલાકાત લેવી જાહેર હિતમાં અનિવાર્ય જણાય ત્યારે કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગના સચિવશ્રી/મંત્રાલય /ધ્વારા રાજયના મુખ્ય સચિવશ્રીને ઉપર મુજબની ખાતરી કરાવતો પત્ર પાઠવવાનો રહેશે તેમજ આ પત્રની નકલ ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હીને અચૂકપણે મોકલવાની રહેશે. આ પ્રકારના પત્ર મળ્યેથી સંબંધિત રાજયના મુખ્ય સચિવશ્રીએ મંત્રીશ્રીના પ્રવાસ દરમિયાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ હાથ ધરવામાં આવનાર નથી. તેની ખાતરી કરશે. તેમજ કેન્દ્રના મંત્રીશ્રીને સરકારી વાહન અને નિવાસ ઈત્યાદિ રાજકીય શિષ્ટાચાર ( Protocol ) મુજબની સવલતો આપશે. મુખ્ય સચિવશ્રીએ સંબંધિત મુખ્ય નિર્વાચન અધિકારીને તેની આગોતરી જાણ કરવાની રહેશે. કેન્દ્ર સરકારના મંત્રી/મંત્રીશ્રીઓ, તેમના વતનના રાજય/સંસદીય મત વિસ્તારની અને ખાસ